**<u>ક્રિ.પ.અ.નં.–૧૭૯/૨૦૨૨ ના કામે આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) સદર કામે અરજદારે આ કામના સામાવાળા વિરુધ્ધ ચડત ભરણપોષણની રકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. રેકર્ડ જોતા દશ માસની ચડત ભરણપોષણની રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. આ કામના સામાવાળા વિરુધ્ધ નોટીસ કાઢતા સામાવાળા આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે, અને તેઓની પાસે પૈસાની સગવડ નથી તેઓ ભરણ પોષણ ચુકવવા સક્ષમ નથી તેવુ આંક–૦૪ ની રજુ પુરશીષથી જાહેર કરેલ છે.

(૨) આજરોજ સામાવાળાને ચડત ભરણપોષણની રકમ ચુકવવાનુ કહેતા તેઓ પોતાની પાસે પૈસા નથી તથા તેઓ ભરણ પોષણ ભરવા અસક્ષમ છે તેમ જણાવે છે. તથા સદર રકમ ભરવા પોતાની નામરજી બતાવે છે. જેથી અરજદાર તથા સામાવાળાને સાંભળી ન્યાયિક હુકમ કરવા સારૂ રેકર્ડ જોતા આ કામના સામાવાળા વિરુધ્ધ અરજદારને માસિક રૂપિયા–૧ ८૦૦/–(અંકે રૂપિયા એક હજાર આઠસો પુરા) ભરણપોષણની રકમ અરજીની તારીખથી ચુકવવાનો હુકમ કરવામા આવેલ છે. સદર અરજી તા. ૧ ૭/૦૨/૨૦૨૨ થી તા.૧૭/૧૨/૨૦૨૨ સુધી કુલ દશ માસની ચડત પેટે કુલ રૂા.૧८૦૦૦/– (અંકે રૂપિયા અઢાર હજાર પુરા) ભરણપોષણની રકમ સામાવાળાએ અરજદારને ચુકવવાના છે.

(૩) સદર કામે કાયદાની પરીસ્થિતી જોતા એક માસના ભરણપોષણની રકમ ચુકવવામા નિષ્ફળતા બદલ દિન–૩૦ સુધીની કેદની જોગવાઈ કરવામા આવેલ છે. આ કામે ૧૦ માસના ભરણપોષણની રકમ ચુકવવાની બાકી છે. જે

બાબતે આ કામના સામાવાળા એમ જણાવે છે કે, તેઓ ભરણપોષણની રકમ ચુકવવા સમર્થ નથી. જેથી એક માસના ભરણપોષણની રકમ ન ચુકવવા બદલ દિન–૧૫ ની કેદની સજા કરવી ન્યાયોચિત જણાય છે. આમ કુલ ૧૦ માસ ગણી એકસો પચાસ (૧૫૦) દિવસની સાદી કેદની સજા કરવી ન્યાચિક અને ઉચિત જણાય છે જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના સામાવાળા ધનજી દેવરાજ સોનગરાનાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૧૨૫(૩) મુજબ દિન–૧૫૦ (એકસો પચાસ દિવસ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

વધુમા એવો હુકમ કરવામા આવે છે કે, આ કામના સામાવાળા સદર ચડત રકમ રૂપિયા ૧૮૦૦૦/– (અંકે રૂપિયા અઢાર હજાર) અથવા ભરણપોષણની બાકી રકમ પેટે જેટલી રકમ ચુકવે તેટલી કેદની સજા મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

વધુમા એવો હુકમ કરવામા આવે છે. સદર હુકમની એક નકલ આ કામના સામાવાળાને વિનામૂલ્યે ત્વરિત પુરી પાડવી.

હુકમ, આજ રોજ તારીખ–૨૨, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૧૨/૨૦૨૨.
કલ્યાણપુર.

(Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.